॥ શ્રી અર્હં નમઃ ॥

# અથ પંડીત શ્રી વીરવિજયજી મહારાજનો ટુંકો પ્રબંધ.

રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર,

શા. ગીરધરલાલ હીરાભાઇ.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

સંવત ૧૯૭૬ સને ૧૯૨૦

શ્રી જૈન વિદ્યાવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. પોપટલાલ અમથાભાઇએ છાપ્યો રીચીરોડ—અમદાવાદ.નં. ૧૧૬

કીંમત ફ્રી.


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# સુચના.

આ પ્રબંધ શા. ગીરધરલાલ હીરાભાઇએ પોતાના કાકા શા. લલુભાઈ પુંજાસાના શ્રેયાર્થે છપાવી ભેટ તરીકે આપ્યો છે.

આ પ્રબંધની ૧૪ મી કલમમાં લખ્યું છે કે **શ્રી** વીરવિજયજી મહારાજના ગ્રંથો તેમના પુસ્તક ભંડાર**માં** નથી પરંતુ આ પ્રબંધ રચાયા પછી તેમના ઘણા ખરા ગ્રંથો એકઠા કરી તે ભંડારમાં રાખવામાં આવ્યા છે એમ માલુમ પડયું છે. સંવત ૧૯૭૬ ના આસો સુદ ૧૧ શનિવાર તા૦ ૨૩ માહે અકટોબર સને ૧૯૨૦

અમદાવાદ.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી

# અથ પંડિત શ્રી વીરવિજયજી માહારાજનો ટુંકો પ્રબંધ.

શ્રી માહાવીર પ્રભુના શાસનમાં સંવેગ પક્ષિ મુનિ શ્રી વીરવિજયજી માહારાજ સાંપ્રત સમયમાં નામાંકિત થયા છે. એમના ચરિત્ર વિશે થોડીક હકીકત એમના ચેલા પંન્યાસ રંગવિજયજીએ કવિતામાં લખેલી છે. વળી શ્રાવક સુબાજી રવચંદભાઈ જેચંદે પુજાઓની નવી આવૃત્તિ છપાવેલી તેમાં એમની (વીરવિજયજીની) કાંઈક હકીકત દાખલ કરી છે. એ બન્ને લેખ, તથા વીરવિજયજીએ પોતાના ગુરૂ શુભવિજયજીના ચરિત્ર બાબત જે બીના કવિતામાં લખી, તેનું નામ શુભવેલી રાખેલું છે તેનો આધાર લેઇને તથા મારા જાણુવામાં એમના વીશે જે કાંઈ આવેલું છે તે ઉપરથી :આ ટુંકો પ્રબધ હું લખુ છું.

૨ ભરતખંડ (હીંદુસ્થાન) ના ગુજરાત દેશમાં અમદાવાદ શહેર છે. જૈન સંપ્રદાયમાં તેને રાજનગર કેહે છે. તેમાં પાનકોરને નાકેથી-દીલ્હી-દરવાજે જવાના રસ્તા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઉપર શેઠ મગનભાઈ કરમચંદ અને શેઠ ડાહ્યાભાઈ અનોપચંદની વાડીઓ આવેલી છે. તેના વચમાં કોઈક ઠેકાણે સાંતીદાસનો પાડો ( મોહલ્લો ) છે. પ્રથમના વખતમાં એ સ્થળના નજીક ઘીનો કાંટો હતો. એ સાંતીદાસના પાડામાં જન્નેશ્વર નામે અવદીચ બ્રાહ્મણ અને તેમની સ્ત્રી વીજકોરબાઈ રહેતાં હતાં. તેમને ગંગા નામે દીકરી અને કેશવરામ નામે દીકરો હતો. કેશવરામનો જન્મ સંવત ૧૮૨૯ ના આસો સુદ ૧૦ ને રોજ થયો હતો. આશરે ૧૮ વરસના તેઓ થયા તે અગાઉ તેમને દેહગામ પરણાવ્યા હતા. તેમની વહુનું નામ રળીઆત હતું. એ અરસામાં એમના બાપ મરી ગયા હતા. અને સોવસા તેવામાંજ કેશવરામ અને તેમનાં મા વીજકોરબાઈને કોઈ કારણને લીધે ખટપટ થઈ. તેથી ઘેરથી રીસાઈને કેશવરામ જતા રહ્યા. તેમની ખોળ કરવા વીજકોરબાઈ પોતાની બેહેનને જોડે લેઇને અમદાવાદ નજીકના ગામોમાં ફર્યાં પણ કેશવરામની ભાળ મળી નહીં. આથી હબકના માર્યાં વીજકોરબાઈ કોઈ ગામે મરી ગયાં. અને આ માઠા સમાચાર કેશવરામની બેહેન ગંગાએ ઘેર સાંભળતાંજ મા તથા ભાઈના વિજોગના ધ્રાશકાને લીધે પ્રાણ ખોયા.

૨ અમદાવાદ તરફ આવા દુઃખદાયક બનાવ બન્યા ત્યારે કેશવરામ ધોળેરા નજીક ભીમનાથ ગામમાં કે સિ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

દ્ધાચળ નજીક પાલીતાણામાં મુનિ માહારાજ શ્રી શુભ-વિજયજીના સમાગમમાં આવ્યા હતા. સંવેગ પક્ષિ મુનિ-રાજ માહારાજ સત્યવિજયજીની પાટ પરંપરામાં પન્યાસ જંસવિજયજી થયા, તેમના ચેલા શુભવિજયજી માહા ગુણવાન હતા. હવે તે સમયમાં કેશવરામને કાંઈ મંદગી થએલી તે શુભવિજયજીની સહાયતાથી દૂર થઇ હતી. તેથી શુભવિજયજીના ઉપકાર તળે કેશવરામ આવેલ; એ-ટલે શુભવિજયજીની અનુજાઈ રાખી તેઓ ઘેર પાછા ના ગયા. પણ શુભવિજયજીની પ્રેરણા પ્રમાણે તેમની સાથે પાળીતાણેથી ખંભાત ગયા; જ્યાં નજીકમાં પાનસર ગામ છે ત્યાં કેશવરામના આગ્રહથી શુભવિજયજીએ તેમને સંવત ૧૮૪૮ ના કાર્તક વદમાં શુભ દિવસે દિક્ષા આપી વીરવિજયજી નામ પાડયું. આ ખબર ખંભાત ગઈ. ત્યાંથી સંઘે સામૈયું કર્યું; અને સારા આડંબરથી ગુરૂ ચેલાને ખંભાતમાં એક પોષધશાળામાં પધરાવ્યા. શુભવિજયજીને પ્રથમના બીજા બે ચેલા ધીરવિજય અને ભાણુવિજય નામે હતા.

૪ આસરે પાંચ વરસ લાગટ એટલે સંવત ૧૮૫૩ ના જેઠ સુદ ૫ સુધી શુભવિજયજી ખંભાતમાં રહ્યા અને વીર મુનિને સારી પેઠે ભણાવ્યા. એમ લાગે છે કે સં-સ્કૃત ભાષા કોઈ અધ્યાપક પાસેથી વીરવિજયજી શીખ્યા હતા. પણ તેના નામ વીગેરેની કશી હકીકત માલમ પડી

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

નથી. શુભવિજયજી મોટા વિદ્વાન હતા. જૈનાગમ વિગેરેનું જ્ઞાન વીરવિજયજીએ તેમના પાસેથી મેળવ્યું હતું. સંવત ૧૮૬૭ ના ફાગણ વદ ૧૨ ને રોજ શુભવિજયજી અમદાવાદમાં દેવગત થયા. તે પેહેલાં ગમે તે સમયે તેમણે વીરવિજયજીને જોગ વેહેવરાવી પન્યાસપદ આપ્યું હતું. વીરવિજયજીનો ખુબ પ્રેમ શુભવિજય ઉપર હતો. ગુરૂની ભક્તિ અને ગુરૂનો વિનય કરવામાં વીરવિજયજીએ મણા રાખી નહોતી. તેમજ શુભવિજયજીનો ભાવ વીરવિજયજી ઉપર બહુ સારો હતો. શુભવેલીમાં વીરવિજયજીએ લખ્યું છે તેમાં નીચેનો દુહો જાણવા જેવો છે:-

"એ ગુરૂના ગુણ જળનિધિ ॥ મુજ મતિએ ન કહાય ॥
ગુણનિધિ જળનિધિ જળ ભર્યો ॥ ગગ્ગરીમેં ન સમાય.॥"

૫ શુભવિજયજીની સાથે વીરવિજયજી આશરે ૧૨ વરસ રહ્યા તે દરમીઆન ગુરૂ પાસેથી જે જે શીખવા જેવું હતું તે વીરવિજયજી શીખી ગયા હતા. તેમજ જૈનમત અને પરમતનાં ઘણાંક પુસ્તકો ખુબ ધ્યાન દેઇને તેમણે વાંચ્યાં હતાં. જો એમ ના બન્યુ હોતતો સંવત ૧૮૯૦ નું વરસ પુરે થતાં સુધીમાં એમણે પોતાના કર્મની નિર્જરા થવા અને પરને ઉપકાર કરવા માટે જે નાના મોટા ગ્રંથો કવિતામાં રચીને પોતાની કુશળતા દર્શાવી હતી તે થવું અશક્ય હતું.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬ નિચે કહેલા નાના મોટા ગ્રંથો સંવત ૧૮૬૦-થતાં સુધીમાં એમણે રચ્યા હતા:-

(૧) ગોડીપાર્શ્વનાથજીનાં ઢાળીઆં સં. ૧૮૫૩

(૨) અઠાણું બોલનું સ્તવન ( આ સ્તવન શુભવિજય-જીનું રચેલું છે. ) સં. ૧૮૫૫

(૩) સુરસુંદરીનો રાસ સં. ૧૮૫૭

(૪) વીરપ્રભુનું ૩૫ વાણીનું સ્તવન સં. ૧૮૫૭

(૫) અષ્ટપ્રકારી પુજા સં. ૧૮૫૮

(૬) શુભવિજયજીના અમદાવાદના મુખ્ય શ્રાવકોના નામસુચક ગુંહુળી સં. ૧૮૫૮

(૭) શુભવેલી સં. ૧૮૬૦

૭ દિક્ષા લીધા પેહેલાં વીરવિજયજી બ્રાહ્મણ હતા. તેથી મને લાગે છે કે એમણે કાંઈ પણ વિદ્યાભ્યાસ કર્યો હશે ખરો. અને તેમનું મન પણ કાંઈક કેળવાએલું હશે ખરૂ. તેમજ એમના મન તનની શક્તિઓ સારી અને બુદ્ધિ તીવ્ર હોવી જોઇએ. જો એમ ના હોત તો ઉપર જણાવેલી મુદત સુધીમાં તેઓ સારા કવિ અને ઉપદેશક નિવડવા અશક્ય હતા.

૮ શુભવિજયજી સાથે વીરવિજયજી અમદાવાદમાં આવેલ ત્યારે દોસીવાડાની પોળમાં ડેહેલાને અપાશરે લવારની પોળના અપાશરે રહેલા. પણ શુભવિજયજી દેવગત થયા પછી વીરવિજયજી અમદાવાદમાં આવતા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ત્યારે કોઈકવાર બીજે અપાશરે રહ્યા હશે પણ જ્યારથી ભઠીની પોળમાં અપાશરો થયો ત્યારથી તેઓ ત્યાંજ રહેતા. એ અપાશરો સંવત ૧૮૬૫ માં શ્રાવક લાલભાઈ કીકુ, ભવાનચંદ ગમાનચંદ, હુરખચંદ કરમચંદ તથા ગલાબ-ચંદ જેચંદ વીગરે શ્રાવકોએ મળીને બંધાવ્યો હતો.

૯ વીરવિજયજી ગુજરાતના ઘણાક શહેરો તથા ગામોમાં જાત્રા કરવા તથા ઉપદેશ કરવા માટે વખતો વખત ગયા હતા. મેવાડમાં કેસરીઆનાથજીની જાત્રા—કપ-ડવણજવાળા કોઈ સાહુકારના સંઘ ભેળાં તેમણે કરી હતી; ત્યારે કેસરીઆનાથજીનુ તેમણે સ્તવન રચ્યું હતું, તે મેં વાંચેલું છે. પણ હાલ એ સ્તવનનો પત્તો મળતો નથી. આબુજીનું તેમણે સ્તવન રચેલું છે તેથી પંચતીરથની તેમણે જાત્રા કરી હશે એમ લાગે છે પરંતુ એ વીશેનો કાંઈ દાખલો નથી. સંવત ૧૮૯૯ માં અમદાવાદના શેઠ હીમાભાઇ વખતચંદ, હઠીસંઘ કેસરીસંઘ અને મગનભાઈ કરમચંદે મળી પંચતીરથનો સંઘ મોટા આડંબરવાળો કાહાડયો હતો તેમાં વીરવિજયજીને વીનતી કરી સાથે લીધા હતા પણ ગુજરાતની સરહદ બાહાર એ સંઘ જઇ શકયો નહોતો. એમાં કોલેરાના ઉપદ્રવનો ત્રાસ થયાથી પાલનપુર રાજના ચીત્રાસણી ગામેથી તે પાછો ફરી અમદાવાદ આવ્યો હતો. એ સંઘ ઘણો મોટો હતો અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તેની શોભાનો પાર નહોતો. પણ તેમાં ભંગાણ પડયું ત્યારે તે તાંતર વાંતર થઈ ગયો હતો. જેમ જેને સવડ મળી તેમ ટોળીઓ થઈ ગઈ ને નાઠા. સંઘવીના આશ્રય નીચે બધા રહી શકયા નહી. વીરવિજયજીના જે પરમ રાગી શ્રાવકો હતા તેમની ટોળી જુદી પડી. તેમાં મારા દાદા પુંજાસા પીતાંબરદાસ સહકુટંબ હતા. વીરવિજયજીને સાથમાં લેઇ એ ટોળી સહીસલામત અમદાવાદ આવી પોચી હતી. જયાં એ ટોળીનો મુકામ રસ્તામાં થતો તેના ફરતુ વીરવિજયજી માહારાજ મંત્રીને પાણી આપતા તે છાંટવામાં આવતું. સંઘના લોકને કેટલાક દીવસ સુધી સરકારે રોકી શહેર બાહાર રાખ્યા હતા. તેથી લોકોને ઘણી આપદા પડી હતી; ને કાંઈક જણ ઘર ઘર કરતા મરી ગયા હતા. સરકારની સખ્તાઈ છતાં ઘણાક લોકો છાના છપના શહેરમાં પેશી પણ ગયા હતા.

૧૦ વીરવિજયજીની દેશના દેવાની કળા ઘણાજ ઉંચા પ્રકારની હતી. વાખ્યાન વખતે સાંભળનારાઓની ઠઠ જામતી હતી. એમના ઉપદેશથી ઘણા લોકો પોતાનો મત છોડી દેઈ જૈનધર્મી થયા હતા.

સંવત ૧૮૭૧ માં અક્ષયનિધિ તપનું સ્તવન વીરવિજયજી સુરત ચોમાસુ રહેલા ત્યાં બનાવ્યું હતું. એ વખતે ત્યાંના જતિઓએ કજીઓ મચાવ્યો હતો. રંગ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વિજયજીના લખાણુથી એમ સમજાય છે કે તીથી બાબત કજીઓ થયો હતો. મારા સાંભળવા મુજબ જતિઓની રજા વિના વીરવિજયજીએ શ્રાવકોને ઉપધ્યાન વેહેવરાવ્યાં તેથી જતિઓએ કજીઓ મચાવ્યો હતો. ગમે તેમ હોય પણુ જતિઓ કોર્ટે ચઢયા હતા અને તેમાં તેઓ ફાવ્યા નોતાં. આ સંબંધી સવીસ્તર બીનાનો લેખ મળ્યો નથી તથી વધારે લખવું ઉચીત નથી.

૧૧ સંવત ૧૮૭૮ માં અમદાવાદમાં ઢુંડીયાના કજીઆથી શ્રાવકોમાં મોટી ઉશકેરણી ફેલાઈ હતી. અમદાવાદના ડીસ્ત્રીકટ જજ સાહેબની કોર્ટમાં સાણંદના કોઈ ઢુંડીયાએ અમદાવાદના વીસાશ્રીમાળી શ્રાવકની નાત ઉપર દાવો કર્યો હતો, તે કામમાં જજ સાહેબે ઢુંડીયા અને તપા પક્ષના વિદ્વાન સાધુ અને શ્રાવકોને બોલાવ્યા હતા, તેમાં વીરવિજયજી હતા. ચોકસ લેખની ગેરહાજરીમાં આ વીશે વધારે લખવું મને ઠીક લાગતું નથી. મગનલાલ વખતચંદ કેહેતા કે એ કેસનો રીપોર્ટ અંગ્રેજીમાં છપાયો હતો, અને તે વખતે સદર અદાલત સુરતમાં હતી. એ રીપોર્ટ મળી આવે તો બધી બીનાનું સ્વરૂપ સમજાય.

૧૨ મુંબાઈવાળા શેઠ મોતીસાએ શત્રુંજયના ડુંગર ઉપર નવી ટુંક બંધાવેલી તેની અંજન સીલાકાનો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓછ્વ સંવત ૧૮૯૩ માં થયો હતો. વળી શેઠ હઠીસંઘ કેશરીસીંઘે અમદાવાદમાં દીલ્હી દરવાજા બાહાર નવું બાવન જિનાલયી મોટું દેહરૂં બંધાવેલું તેની અંજન સીલ્લાકાનો ઓછ્વ સંવત ૧૯૦૩ માં થયો હતો. એ બન્ને મોટા ઓછવોમાં પ્રતિષ્ટાનો વિધી કરાવવામાં વીરવિજયજી અગ્રેસરી હતા. અને તેમના અનુમત મુજબ બધું કામ થયું હતું. એ બન્ને ઓછવોની શોભા અને સઘળી હકીકતનુ વર્ણન વીરવિજયજીએ તેના ઢાળીયાં જેની તે વખતે રચીને કાયમ રાખેલ છે.

૧૩ સંવત ૧૯૦૫ની સાલમાં ઉભી સોરઠનો એટલે સિદ્ધાચળ અને ગીરનારનો સંઘ અમદાવાદના નગર શેઠ હીમાભાઇ વખતચંદની હૈઆતીમાં તેમના પુત્ર શેઠ પ્રેમાભાઈએ કાહાડયો હતો તેના ભેગા વીરવિજયજી ગયા હતા. એ સંઘના ઢાળીયાં પણ તેમણે જેની તે વખતે રચીને સંઘની શોભા અને હકીકત જીવતી રાખીછે.

૧૪ વીરવિજયજીના ગ્રંથોથી તેમની વિદ્વતા અને કવિતા કરવાની શક્તિ પ્રદર્શીત થાય છે. એમની રચેલી પુજાઓ ઠેર ઠેર હમેશાં ગવાય છે. એમના ગ્રંથોમાં નીતિ ધર્મનુ શિક્ષણ બહુ સારી રીતે આપેલું છે; અને તે મનોજ્ઞ અને આનંદદાયક હોવાથી બહુ વાહાલુ લાગે છે. બાળકને પુછીએ કે દરીઓ કેવડો, તો તે પોતાની વામ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પોંહોળા કરીને તેનુ માપ બતાવે છે તેમજ વીરવિજય-
જીની આવડતની પરિક્ષા કરનારને જેવું જ્ઞાન હશે તેવી
તે પરિક્ષા કરશે. વીરવિજયજીની વાણી, ગુજરાતી ભાષા
એકલી જાણતો હોય તેને, વીરપ્રભુની વાણીનુ ભાન કરા-
વવાને આ સાંપ્રત સમયમાં ઘણી ઉપયોગી છે એટલુંજ
નહીં પણ કવિ અને પંડિતાઇનું માન મેળવવાની હુંશ
ધરાવનારને પણ સારા નમુંના તરીકે ગ્રહણ કરવા લાયક
છે. મારાથી બની શકે તે મુજબ મેં વીરવિજયજીના લે-
ખોના નામ એકઠાં કર્યા છે અને તેની ટીપ મેં પરિશી-
ષ્ટમાં દાખલ કરી છે. દીલગીરીની વાત છે કે એમના
રચેલા તમામ ગ્રંથો—બલકે થોડા પણ, એમનો પુસ્તક
ભંડાર જે કે ભઠીની પોળના અપાશરામાં છે તેમાં નથી.
એમણે જે પરચુરણ સ્તવનો—ગુહલીઓ વીગેરે રચેલ તેનો
સમાવેશ એક પ્રતમાં કરેલો હતો તેનુ નામ તેમની હે-
આલીથીજ સ્તવનાવળી પાડેલુ. એ સ્તવનાવળીમાં જે જે
કઠણ છે તેનો ટબો પોતે કરેલો છે પણ એવા ટબાવાળી
પ્રત હાલ મળતી નથી. એ સ્તવનાવળી પ્રસિદ્ધ થયા પછી
જે સ્તવન વિગરે એમણે રચેલાં છે તેમાંના કોઈ કોઈ
મારા જાણવામાં આવ્યાં તેના નામ મેં ટીપ અંદર દાખલ
કર્યા છે સુરસુંદરીનો રાસ, ધમ્મીલ કુંવરનો રાસ, ચંદ્ર-
શેખરનો રાસ અને પ્રશ્નચિંતામણી એ ચાર મોટા ગ્રંથો

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

એમણે રચેલા છે. તેમાં પહેલા ત્રણ ગુજરાતી કવિતામાં છે અને ચોથો ગ્રંથ સંસ્કૃત ગદ્યમાં છે. એમની પુજાઓમાં ચોસઠપ્રકારી પુજા સૌથી મોટી છે અને તે અનોપમ છે. કર્મગ્રંથ આવડતા હોય તેનાથી એ બરોબર સમજાય તેવી છે. પુર્વે વીરવિજયજી પ્રત્યે જેમને બહુ ભાવ નહોતો એવા સખસોએ ચોસઠપ્રકારી પુજા કર્મગ્રંથ ભણ્યા પછી વાંચી ત્યારે તેમને વીરવિજયજીની કાબેલીઅતની પ્રતિત થઈ હતી.

૧૫ રંગવિજયજીએ પોતાના ગુરૂ વીરવિજયજીની જે હકીકત લખી છે તેમાં વીરવિજયજીના અમદાવાદના મુખ્ય ભાવીક શ્રાવક અને શ્રાવીકાના નામ આપ્યાં છે તે આ પ્રમાણે છેઃ—શેઠ પ્રેમાભાઇ હીમાભાઈ શેઠ ભુ‌ાભાઈ ( મોતીચંદ ); દલીચદ ભવાનચંદ, હીરાભાઈ પુંજાસા, ઉમાભાઇ રૂપચંદ, અને ત્રીકમદાસ નથુભાઇ તથા શેઠ હઠીસંઘ કેશરીસંઘની વીધવા શેઠાણી હરકુવરબાઇ.

૧૬ સંવત ૧૯૦૮ ના શ્રાવણ માસમાં વીરવિજયજીને મંદગી થઈ. સંઘના લોકોએ એમની ઘણી વયાવચ કરી; અને દવા પણ બહુ કરી પરંતુ આરામ થયો નહીં. છેવટે ભાદરવા વદ ૩ ને ગુરૂવારે પાછલા પોહોરે તેઓ દેવગત થયા. આ સમાચાર અમદાવાદમાં ફેલાતાં

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તમામ શ્રાવક મંડળમાં અત્યંત શોક વ્યાપી ગયો. લોકોના ટોળે ટોળાં એમનાં શરીરના દર્શન કરવાને ગયાં. બીજે રોજ શહેરમાં હડતાલ પડી અને હજારો શ્રાવકો ભઠીની પોળમાં અપાશરે ભેળા મળ્યા. રાતરે તાસથી મઢેલી શોભાયમાન શીબીકા તૈયાર કરાવેલી તેમાં વીરવિજયજીના શરીરને મુનિવેશ સહીત પદ્માસને પધરાવ્યું. પછી નાણાં ઉછાળતા અને ધુપની ઘટા સાથે શીબીકાને ચઉટા વચે થઇને સાબરમતી નદી ઉપર દુધેશ્વરને આરે લેઈ જવામાં આવી. ઉભે રસ્તે બને બાજુએ હજારો લોકો વીરવિજયજીના છેલ્લાં દર્શન કરવાને કોઇ બેઠા કોઇ ઉભા હતા. શીબીકાની સાથે હજારો શ્રાવકો ચાલતા હતા અને એકઠા મળેલ લોકોમાં ભાગેજ કોઈની આંખ આંસું વિનાની રહી હશે. ચંદન વીગેરે કાષ્ટની રચેલી ચીતામાં જે વખતે શીબીકા પધરાવી તે વખતનો દેખાવ ઘણોજ ગંભીર અને કરૂણાજનક હતો. હજારો શ્રાવકોની આંખમાંથી આંસુની ધારાઓ વહેતી હતી.

૧૭. ૧૯૦૯ સંવત ના માહા સુદ ૬ ને સોમવારે વીરવિજયજીનાં પગલાં સંઘે—અમદાવાદમાં ભઠીની પોળના અપાશરાની વાડીમાં એક થુભ બંધાવીને તેમાં સ્થાપ્યાં. તે વખતે આશરે પંદર દીવસ સુધી—સ્વામીવછળ સાથે સારો બેશ ઓછવ ચાલ્યો હતો.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૧૮ વીરવિજયજીની તીથીને દીવસે હર હુમેશ માણેકચોકમાં હડતાલ પડે છે. અને ભઠીની પોળના અપાશરે ઘણા શ્રાવક શ્રાવીકાઓ પોસા કરે છે અને વાખ્યાનમાં વીરવિજયજી અને શુભવિજયજીનો એહવાલ વંચાય છે અને શુભમા આંગી રચાવવામાં આવે છે. અને બીજે દીવસે પુજા ભણાવવામાં આવતાં પોસાતી જમાડવામાં આવે છે.

૧૯ કવિ દલપતરામ ડાહ્યાભાઇએ વીરવિજયજીની રચેલી શુળીભદ્રની શીયળવેલ વાંચીને વીરવિજયજીના કવિપણા માટે ઘણો સારો અભીપ્રાય બતા ્યા હતો.

૨૦ એકવાર તપગચ્છના શ્રીપુજ્ય દેવેંદ્રસૂરિએ વીરવિજયજીને ઉપાધ્યાયની પદવી આપવાને મરજી બતાવી પણ વીરવિજયજીએ નમ્રતાપુર્વક એવો જવાબ દીધો કે " હું એ પદ્વીને લાયક નથી."

૨૧ એકવાર કોઈ ગામનો શ્રાવક આનંદઘનજી માહારાજના પદોનો અર્થ આનંદઘનજીના હેતુ પ્રમાણે કરે છે એવી વાત વીરવિજયજીને કોઇએ કહી ત્યારે તેઓ એવું બોલ્યા કે–પદનો અર્થ વિદ્વાન માણસ કરી શકે પણ કર્તાના હેતુ મુજબ કરે છે એની ખાત્રી થાય નહી. બીજે રોજ એ શ્રાવકને વીરવિજયજીએ " શહેલાનંદી શીતળ સુખ ભોગીતો " એ પદથી શરૂ થએલુ પો-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

તાનું બનાવેલું સ્તવન અર્થ કરવા આપ્યુ. પેલા શ્રાવકથી એ સ્તવનનો અર્થ થઇ શકયો નહી એટલુંજ નહી પણ કીયા પ્રભુનુ એ તવન છે તે પણ તે બતાવી શકયો નહી. પછી તેને વીરવિજયજીએ કહ્યું કે–" મારા રચેલા તવનનો તમે અર્થ પણ ના કરી શકયા તો–મારા હેતુની વાતતો તમારા સમજવામાં આવેજ શેની. અને એજ રીતે આનંદઘનજીના પદનો અર્થ તમારી બુદ્ધિ અનુસારે તમે કરો ખરા, પરંતુ કર્તાના હેતુ મુજબ તમે એ અર્થ કર્યો છે એમ મનાય નહી.'

૨૨ ઉપરની ત્રેણે વાતો મગનલાલ વખતચંદને મોહોડેથી મેં સાંભળી હતી. તેઓ વીરવિજયજીના પરમ રાગી હતા અને એમના ચરિત્રની હકીકત સારી પેઠે જાણુતા હતા એટલુંજ નહી પણ તે તેમણે લખી પણ હતી પરંતુ તે હવે હાથ આવતી નથી.

૨૩ મુનિરાજ મહારાજ વીરવિજયજી એક રત્નપુરૂષ અને સારા રશીલા કવિ હતા. એમની કવિતામાં પદ લાલિત્યતા ઘણી સરસ છે; અને વાંચનારના ચિત્ત રંજન કરી નાંખે છે.

૨૪ વીરવિજયજીને સંસ્કૃત–માગધી (પ્રાકૃત) અને ગુજરાતી ભાષાઓનુ જ્ઞાન ઉત્તમ પ્રકારનું હતું. જૈન શાસ્ત્ર અને બ્રાહ્મણ શાસ્ત્રના તેઓ ઉંડા અભ્યાસી હતા.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આગમ વિરૂદ્ધ એમણે પરૂપણા કર્યાનુ જણાયુ નથી. એ મના ગ્રંથોમાં સૂત્ર સિદ્ધાંત અને પ્રમાણીક પુરૂષોના વચનની સાખ્યો જરૂર પડે ત્યાં આપેલી છે. અને એ સાખ્યો ઉપરથી તુલના થઈ શકે છે કે એમણે ઘણા ઘણા ગ્રંથો વાંચેલા હતા. વિશેષાવશ્યકની મોટી ટીકા એમણે સભા સમક્ષ વાખ્યાનમાં વાંચી હતી. અને તે વખતના શ્રોતાઓમાં કેટલાક સારી બુદ્ધિવાળા અને જૈનાગમના વાકેફગાર હતા તે વીરવિજયજીના જ્ઞાનની પ્રસંશા કર્તા. વીરવિજયજી દીર્ઘ દ્રષ્ટીવાળા અને વિશાળ વિચારના હતા. ખરેખાત તેઓ ગિતારથ હતા. સંઘમાં જઘડા રગડા પડે એવું કામ એમના હાથે થયું નથી, પુર્વાચાર્યોની નીતી, રીતી એમણે જાળવી રાખી હતી. એમની કારકીર્દીમાં મોટા મોટા ધર્મના કામ કરનારા શ્રીમંત શ્રાવકો એમની સલાહ બહુ કીમતી ગણીને એમની તરફ પુર્ણ પુજ્યભાવ રાખતા હતા. વીરવિજયજીના સહકાળીક નામાંકિત પંડિત અને કવિ રૂપવિજયજી હતા. એ બન્ને એક બીજાના પ્રતિસ્પર્ધિ હતા ખરા; પણ બન્ને વિદ્વાન હોઇને એક બીજા તરફ વિવેક અને મર્યાદાથી વર્તતા હતા. વીચારવાથી મને એમ લાગે છે કે એ બન્ને મહાન પુરૂષોની પ્રતિસ્પર્ધાએ જૈન મંડળને ઘણો લાભ કર્યો છે. કોઈ જાતની ગ્રંથ રચના વીરવિજયજીની પ્રસિદ્ધ થઈ કે રૂપવિજયજીએ જાણે નવો ગ્રંથ બાહાર પાડયોજ છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આમ ઘણી ફેરા બન્યુ હતુ. આ બન્ને પંડિતો પુજાઓ વીગરે ઓછવના પ્રસંગે અચાનક એકઠા મળતા તો ભ્રાતૃ-ભાવથી વર્તતા. અને તેથી બહુ રળીઆમણુ દેખાતુ. અ-લ્પજ્ઞ સાધુ વીગરે જેમ એક બીજાની અદેખાઈ કરે છે તેમ આ બન્ને પંડિતોએ કર્યુ નથી.

મુનિ નેમસાગરજી માહારાજ જ્યારે પ્રસિદ્ધિમાં આવ્યા ત્યારે અમદાવાદ, પેથાપુર, મેસાણા, વીસનગર, વડનગર વીગેરે સ્થળના શ્રાવકોમાં બે તડ ઉભા થયા જેવુ બન્યું હતું, એ મહારાજની પ્રકૃતિ બોલવામાં આ-કળી હતી અને તેઓ વીરવિજયજી વીગરે સંવેગ પક્ષના કેટલાક સાધુઓનુ જેમ તેમ ઘસાતું બોલતા તેથી એવો મોઠો બનાવ શ્રાવક મંડળમાં થયો હતો. હાલતો એ નેમસાગરજી સંબંધીનુ કાંઈ દેખાતુ નથી. નદીએ પુર આવ્યુ અને વહી ગયુ. એ વખતની બધી કાહાણી યથા-સ્થીત કેહેવા જેવાં સાધન નથી તેમ તે કેહેવામાં માલ પણ નથી. નેમસાગરજી માહારાજના મુખ્ય ચેલા રવી-સાગરજી માહારાજને એકવાર આ સંબંધી બધી બીના સંભળાવવા મેં વીનંતી કરેલી ત્યારે પોતે ના કહી અને વધારે એમ કહ્યું કે ઢાંકયો અગ્ની ઉઘાડવામાં કાંઈ સાર નથી. નેમસાગરજી માહારાજે જે કેટલીક બાબતોમાં ચા-લતી રીતીથી ઉલટુ ચલાવેલુ તે વીશે વીરવિજયજી કેહેતા કે તે નભવાનુ નથી અને ખરે તેમજ બન્યું છે આ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

બીના સુબાજી રવચંદભાઈ જેચંદના કેહેવાથી હું જાણું છું.

૨૫ વીરવિજયજી મહારાજે બ્રાહ્મણ ધર્મ છોડી પોતાનો જન્મારો સફળ કર્યાની સાથે શ્રી માહાવીર પ્રભુનુ શાસન દીપાવ્યામાં મણા રાખી નથી; અને ભવી પ્રાણીઓના લાભને અર્થે બહુ કીમતી વારસો પોતે મુકી ગયા છે. એ વારસો એમના અમુલ્ય ગ્રંથોમાં સંક્રમેલુ શ્રીકાર જ્ઞાન છે. તા૦ ૨૮ અકટોબર સને ૧૯૦૮ સંવત ૧૯૬૫ ના કાર્તિક સુદ ૩ વાર બુધ. મુકામ અમદાવાદ.

લી. ગીરધરલાલ હીરાભાઈ.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી

# પરિશિષ્ટ ૧.

## શ્રી વીરવિજયજી માહારાજના રચેલા ગ્રંથો જેમાં સંવત છે તે.

૧ શ્રી ગોડીપાર્શ્વનાથજીનાં ઢાળીઆં. ત્રંબાવતિ (ખંભાત) સંવત ૧૮૫૩ જેઠ સુદ ૫ સોમવાર

૨ અઠાણું બોલનુ સ્તવન સં. ૧૮૫૫ માગસર વદ ૧૦

૩ વીરપ્રભુનુ ૩૫ વાણીનુ સ્તવન સંવત ૧૮૫૭ આસો વદ ૦))

૪ સુરસુંદરીનો રાસ. રાજનગર—અમદાવાદ સં. ૧૮૫૭ શ્રાવણ સુદ ૪ ગુરૂવાર

૫ શુભવિજયજીના અમદાવાદમાં શ્રાવકનાં નામસુચક ગુહળી સંવત ૧૮૫૮ અસાડ સુદ ૧૪ થી તે સંવત ૧૮૫૯ ના કારતક સુદ ૧૪ ના વચેના સમયમાં રચેલી.

૬ અષ્ટપ્રકારી પુજા. રાજનગર સંવત ૧૮૫૮ ભાદરવા સુદ ૧૨ ગુરૂવાર

૭ નેમનાથજીનો વીવાહલો. રાજનગર સંવત ૧૮૬૦ ના પોસ વદ ૮

૮ શુભવેલી—રાજનગર. સં. ૧૮૬૦ ચેતર સુદ ૧૧

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯ થુળીભદ્રની શીયલવેલ. રાજનગર સંવત ૧૮૬૨ પોસ સુદ ૧૧ ગુરૂવાર

૧૦ દશાર્ણભદ્રની સઝાય. લીંબડી સંવત ૧૮૬૩ મેરતેરસ ગુરૂવાર પોસ સુદ ૧૩

૧૧ ચોમાશી દેવ. રાજનગર સં. ૧૮૬૫ અસાડ સુદ ૧

૧૨ અખયનિધિ તપનુ સ્તવન. સં. ૧૮૭૧ શ્રાવણુ વદ

૧૩ સિદ્ધાચળનુ સ્તવન સં. ૧૮૭૩

૧૪ ચોસઠ પ્રકારી પુજા. રાજનગર સંવત ૧૮૭૪ અખય ત્રીજ વૈશાક સુદ ૨

૧૫ સંખેશ્વર પાર્શ્વનાથનુ સ્તવન. સંવત ૧૮૭૭ માગસર વદ ૧

૧૬ સંખેશ્વર પાર્શ્વનાથનુ સ્તવન. સંવત ૧૮૭૮ ફાગણુ વદ ૧૩

૧૭ પીસ્તાળીસ આગમની પુજા. રાજનગર સં. ૧૮૮૧ મૌન અગીઆરસ માગસર સુદ ૧૧

૧૮ અધ્યાતમ સારનો ટબો. સં. ૧૮૮૧ ચૈતર સુદ ૧૫

૧૯ વીમળાચળનુ સ્તવન નવાણું જાત્રાનું. સંવત ૧૮૮૪ માહા સુદ ૧૧

૨૦ બાર વ્રતની પુજા. રાજનગર સં. ૧૮૮૭ આસો વદ ૦))

૨૧ શેઠ મોતીસાના ભુંઇખળાના ઢાળીયાં. સંવત ૧૮૮૮ આસો સુદ ૧૫

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨૨ પંચકલ્યાણક પુજા. રાજનગર સંવત ૧૮૮૯ અખા ત્રીજ વૈશાક સુદ ૩

૨૩ શેઠ મોતીશાની અંજનશીલાકા. શ્રેત્રુંજાનીનાં ઢાળીયાં સંવત ૧૮૯૩

૨૪ ધમ્મીલ કુંવરનો રાસ. રાજનગર સંવત ૧૮૯૬ શ્રાવણ સુદ ૩

૨૫ માહાવીરસ્વામીનુ ૨૭ ભવનુ સ્તવન. ૧૯૦૧ શ્રાવણ સુદ ૧૫

૨૬ ચંદ્રશેખરનો રાસ. રાજનગર સંવત ૧૯૦૨ આસો સુદ ૧૦

૨૭ શેઠ હઠીસંઘ કેસરીસંઘની અમદાવાદની અંજન સીલાકાનાં ઢાળીયાં. સંવત ૧૯૦૩

૨૮ શેઠ પ્રેમાભાઈ હીમાભાઈના ઉભી સોરઠના સંઘના ઢાળીયાં. સં. ૧૯૦૫ માહા સુદ ૧૫ બુધવાર

૨૯ કુરણીકનું સામૈયુ.

૩૦ પ્રશ્ન ચીંતામણી.

**સમજુતી**—ઉપર રાજનગર વીગેરે શહેરોના નામ લખ્યાં છે, ત્યાં એ ગ્રંથ પુરો રચાયેલો; અને જે સંવત છે, તે ગ્રંથ પુરો થયાનો સમજવાનો છે.

—※○※—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી.

# પરિશિષ્ટ ૨.

## શ્રી વીરવિજયજી માહારાજનાં રચેલાં પરચુરણ સ્તવનો વિગેરેની અનુક્રમણીકા–અને જેના અંત્યે સંવત નથી તે સઝાયો.

૧ શ્રી ગણધરની સઝાય–સ્તવનાવળી ગીરધરલાલની લખાવેલી તેનુ પાનુ ૧ ગાથા ૭

૨ દસ શ્રાવકની સઝાય ગાથા ૯ પાનુ ૧૫

૩ સદરહુ ગાથા ૯ પાનુ ૧૫–૧૬

૪ સહેજાનંદી આત્માની સઝાય. ગાથા ૧૧ પાનુ ૨૧–૨૨

૫ વૈરાગની સઝાય–"સુણુ સોદાગર બે દીલકી બાત હું મેરી"–ગાથા ૬ પાનુ ૨૩–૨૪

૬ મુહપત્તીના ૫૦ બોલની સઝાય ગાથા ૬ પા. ૨૪–૨૫

૭ સમકીતની સઝાય–ગાથા ૧૧ પાનુ ૩૦ "સમકિતના પંચ ભેદ એ, સુણજ્યો સજ્જન લોકરે"

૮ સામાયકના ૩૨ દોષની સઝાય ગાથા ૯ પાનુ ૪૯–૫૦ "શુભ ગુરૂ ચરણે નામી સીસ"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૯ મિચ્છા દુક્કડ સઝાય ગાથા ૧૪ પાનુ ૫૯-૬૦ "ગુરૂ સનમુખ રહી વિનય વિવેકે"

૧૦ રહેનેમી સઝાય ગાથા ૧૩ પાનુ ૬૨-૬૩ "રહેનેમી રાજુલ દીયર ભોજાઇ"

## ચૈત્યવંદન.

૧ માહાવીરસ્વામીનું ચૈત્યવંદન ગાથા ૩ પાનુ ૧-૨ "વર્ધમાન જગદીસરૂ"

૨ ચૌદસે બાવન ગણુધરનું ચૈત્યવંદન ગાથા ૬ પાનુ ૧૭-૧૮ "ગણુધર ચઉરાસી કહ્યા"

૩ સિદ્ધાચળ ચૈત્યવંદન ગાથા ૭ પાનુ ૩૨ "સિદ્ધાચળ શિખરે ચઢી"

૪ બાવન જિનાલય ચૈત્યવંદન ગાથા ૩ પાનુ ૬૨ "શુદિ આઠમ ચંદ્રાનન"

૫ પજુસણુ ચૈત્યવંદન ગાથા ૯ પાનુ ૬૩ "પર્વપજુસણુ ગુણુનિલો"

## સ્તવન.

૧ શ્રી સીમંધીર જિન સ્તવન ગાથા ૧૨ પાનુ ૬ "ગુણુ નિધિ સાહેબ વંદીએ"

૨ સદરહુ ગાથા ૮ પાનુ ૧૦ "ગુણુ અનંત અનંત બિરાજે"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩ ચોત્રીસ ૩૪ અતિશયાન્વિત સીમંધીર જિન સ્તવન ગાથા ૧૫ ઢાળ ૩ કળસ પાનુ ૧૯–૨૦ "સીમંધીર તુજ મિલને"

૪ શ્રી સીમંધીર જિન સ્તવન ગાથા ૮ પાનુ ૧૦ "ધ્યાનમાં ૩ રે જિનરાજ લિયા મે ધ્યાનમાં"

૧ સિદ્ધચક્ર સ્તવન ગાથા ૧૧ પાનુ ૭–૮ "અતિશય ચઉતિસ શોભતા"

૨ સદરહુ ગાથા ૧૦ પાનુ ૮ "સકળ સુરા સુર વંદ્ય નમીજે"

૧ સિદ્ધનુ સ્તવન ગાથા ૫ પાનુ ૩૦ "સિદ્ધ જગત શિર શોભતા"

૧ શ્રી રીખવદેવ સ્તવન ગાથા ૫ પાનું ૮–૯ "નાભિનરેંદનો નંદન વંદિએરે"

૨ સદરહુ ગાથા ૭ પાનુ ૩૫–૩૬ "ઉભો રહેને હો જીઉરા"

૧ સિદ્ધાચળજીનુ સ્તવન ગાથા ૧૧ પાનુ ૨૮ "જિતારી અભિગ્રહ લીધો" સંવત ૧૮૭૩ ના માગશર વદ ૧૩ ને રોજ જાત્રા કર્યા મતલબનુ સ્તવન છે

૨ સિદ્ધાચળજીનુ સ્તવન ગાથા ૯ પાનુ ૪૯ "મન તનના મેળાં કરી લેજો"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૩ સિદ્ધાચળજીનુ સ્તવન ગાથા ૧૧ પાનુ ૫૧–૫૭ "શીતળ વર સિદ્ધાચળ છાયા"

૧ સિદ્ધાચળજીનુ સ્તવન ગાથા ૧૫ ગીરધરલાલના બાપ હીરાભાઈના હાથની લખેલી ચોપડીમાં પાને ૪૫૦ "વિવેકી વિમળાચળ વસીએ"

૨ સદરહુ ગાથા ૯ સદર પાનુ ૪૫૯ "સુહંકર સિદ્ધાચળ શેરી"

૩ સદરહુ ગાથા ૭ સદર પા. ૪૬૩ "વિમળાચળ વિમળા પાણી"

૧ શ્રી સંભવજિન સ્તવન ગાથા ૫ પાનુ ૨૩ સ્તવનાવળીનું "મનમોહન લાગે છેલડીજી"

૧ શ્રી સુવિધિનાથજીનુ સ્તવન ગાથા ૧૧ પાનુ ૨૧ સદર "ગુણવંત સલુણા સ્વામી"

૧ શ્રી વીમળજિન સ્તવન ગાથા ૮ પાનુ ૬૧ સ્તવનાવળીનું "સ્વામી વિમળ વિમળજિન નામે" ( સારંગ શબ્દ આ સ્તવનમાં ઘણા છે )

૧ શ્રી શાંતિજિન સ્તવન ગાથા ૯ પાનુ ૧૭ સદર "તુમ દેખત અમ આસ્ય ફલીરી"

૧ શ્રી નેમી ગીત ગાથા ૩ પાનુ ૨૬ સદર "શ્રી નેમીનાથ વદનકી શોભા"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨ સદરહુ ગાથા ૭ પાનુ ૨૬ સદર "તોરણ આઈ કયું ચલેરે'"

૩ સદરહુ સ્તવન ગાથા ૭ પાનુ ૩૦–૩૧ સદર "સુણો સખિ સજ્જન ના વિસરે"

૪ સદરહુ સ્તવન ગાથા ૮ પાનુ ૩૪ સદર "સખી શ્રાવણની છટ ઉજળી"

૫ સદરહુ સ્તવન ગાથા ૯ પાનુ ૩૫ સદર "દરસન દીઠે દીલડાં ઠરિયાં"

૬ સદરહુ સ્તવન ગાથા ૯ પાનુ ૫૮ સદર "પિઉજી ચાલ્યા પાછા વળીરે"

૭ સદરહુ સ્તવન ગાથા ૯ પાનુ ૬૧–૬૨ સદર "મત જાઓ મત જાઓ મત જાઓ રાજ"

૧ શ્રી પાર્શ્વનાથજી સ્તવન ગાથા ૬ પાનુ ૨૨–૨૩ સદર "મન મીઠડી મુરતી પ્યારી વશીયા

૨ સદરહુ ગાથા ૯ પાનુ ૫૭ સદર "હીતકર પાસ જિનેસર દેવ સેવકરણ મન ઉલ્લસ્યો"

૩ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનુ સ્તવન ગાથા ૯ પાનુ ૪૦–૪૧ સદર "સહજાનંદિ શીતળ સુખ ભોગી તો, હરિ દુખ હરિ ઇશતાવરી"

૪ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથનુ સ્તવન ગાથા ૭ પાનુ ૪૮ સદર "સારકર સારકર સ્વામી સંખેશ્વરા"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫ ભાભાપાર્શ્વનાથનુ સ્તવન, ગાથા ૬ પાનુ ૧૦–૧૧ સદર "જ્ઞાનાગર અરિહા શંભુ નિરિહા"

૬ ગોડીપાર્શ્વનાથનુ સ્તવન ગાથા ૫ પાનુ ૧૧ સદર "વામાનંદન જિનવર ગોડી"

૭ શ્રી ચિંતામણુ પાર્શ્વનાથનુ સ્તવન ગા૦ ૭ ગીરધરલાલના બાપ હીરાભાઈના હાથની લખેલી ચોપડીમાં પાને ૭૪૮ (સંવત ૧૮૮૯ ના શ્રાવણ સુદ ૧૨ નુ લખેલુ તે ઉપરથી ઉતારેલુ એવુ હીરાભાઇએ નુધી રાખેલુ છે) "પ્રેમે ગાવોરે શ્રી ચીંતામણુ પાસ"

૧ શ્રી વીરજિન સ્તવન ગાથા ૫ પા૦ ૧૩–૧૪ સ્તવનાવળીનુ "રશિયા શ્રી અરિહંત પ્રભુ ભગવંત નમોસ્તુતેરેલો"

૨ શ્રી વીરજિન સ્તવન–આમલકી ક્રીડાનુ ગાથા ૯ પા૦ ૩૬ "માતા ત્રિસલા નંદ કુમાર"

૩ શ્રી વીરજિન સ્તવન–જન્મ કુંડળીનુ ગાથા ૧૦ પા૦ ૪૮–૪૯ "સેવધિ સંચ ઉઘેરિયા"

૪ શ્રી વીરજિન સ્તવન–દીવાળીનુ ગાથા, ૭ પા૦ ૬–૭ "જય જિનવર જગ હિતકારીરે"

૫ સદરહુ સદર ગાથા ૭ પા૦ ૭ "સકળ સુરાસુર સેવિત સાહેબ"

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૬ શ્રી વીરજિન સ્તવન–પીસ્તાળીસ આગમનુ ગાથા ૧૫ પા૦ ૧૪–૧૫ " મુજ વંદન નંદન ત્રિશલારો "

૭ શ્રી વીરજિન સ્તવન–સમોસરણનુ ગાથા ૧૫ પા૦ ૫૮–૫૯ " દરશને નયન ઠરાવજો જિણંદજી "

૧ સાધારણ આંગી વર્ણન સ્તવન ગાથા ૫ પા૦ ૯–૧૦ " આંગી ચંગી આજની સુખ લહિએરે "

૨ વૈરાગનુ સ્તવન ગાથા ૬ પા૦ ૨૯–૩૦ " કાયા ધરી છે કારમીરે પ્રભુ દલમાં ધરીએ "

૩ સાધારણ ખ્યાલ સ્તવન વૈરાગનુ ગાથા ૩ પા૦ ૨૫ " સાંપ્રસે દિલ્લગા પ્રાણી "

૧ વસંત સ્તવન–નેમેશ્વર રાજુલનુ ગાથા ૧૧ પા૦ ૧૧–૧૨ " આયો વસંત હસંત સહેલી "

૨ વસંત સ્તવન–સુમતિનાથનુ ગાથા ૭ પા૦ ૨૩ "સાચા દેવ ભજન મન કરહો "

૩ વસંત સ્તવન–વીરપ્રભુનુ અલંકારીક ગાથા ૧૪ પા૦ ૩૨–૩૩ " ચૌદ સહસ મુનિ વણીજ વેપારી "

૪ સર્વાર્થસિદ્ધ સ્તવન ગર્ભિત રીષભદેવ સ્તવન વસંત ધુંવાર ગાથા ૧૨ પા૦ ૫૫–૫૬ (મોતી વીશે) " સમકિત પામી દસ ભવ વામી "

૫ વસંત–વાસુપુજ્ય સ્વામી સ્તવન ગાથા ૭ પા૦ ૫૬ "ચંપા બાગસી ચંપા વાસસી"

૬ વસંત–હોરી–નેમેશ્વર સ્તવન ગાથા ૯ પા૦ ૨૮–૨૯ "શીવાનંદનકું હરિ ગોરી"

૧ વીસ સ્થાનક સ્તુતિ ગાથા ૪ પા૦ ૧૮ "પુછે ગોતમ વીર જિણંદા"

૨ શ્રી સીમંધીર સ્તુતિ ગાથા ૪ પા૦ ૨૦–૨૧ "શ્રી સીમંધીર દેવ સુહંકર"

૩ શ્રી સિદ્ધચક્ર સ્તુતિ ગાથા ૧ પા૦ ૨૧ "સિદ્ધચક્ર નમી પુજી થુણીએ"

૧ છપન્નદિગકુમરી રાસક્રોડા ગાથા ૧૭ ઢાળ ૨ પા૦ ૫૩–૫૪ "માતાજી તુમે ધન્ય ધન્યરે"

૧ શ્રી પાર્શ્વનાથજીની લાવણી ગાથા ૧૦ પા૦ ૨૫–૨૬ "સુણો સયણ એસે સાંઈ સલુણો"

૨ શ્રી થુળીભદ્રજીની લાવણી ગાથા ૯ પા૦ ૩૪–૩૫ "સુણો સખીરી રંગ મેહેલમાં મેં પ્રીરતીતી દીવાની"

૧ આરતી–પાર્શ્વનાથજીની ગાથા ૯ પા૦ ૨૯ "આરતી કીજે પાસકુમરકી"

૧ રગણાંકીતં ૬૩૬ અક્ષરાત્મક કાવ્યં પા૦ ૩૩–૩૪

૧ નવ અંગ પુજાના દુહા ગાથા ૯ પા૦ ૩૬–૩૭

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૨ સિદ્ધાચળ ખમાસમણુ દુહા પા. ૪૫–૪૬–૪૭ ગા. ૩૯
૩ અક્ષયનિધિ તપ ખમાસમણુવિધિ દુહા ગાથા ૨૬ પા૦ ૪૪–૪૫
૧ દીવાળી પુજનના દુહા
૧ થુળીભદ્ર નાટક પા૦ ૩૭–૩૮–૩૯ " પાડલિપુરનો રાજિયો, નંદ નરેસર નામ "
૧ વયર સ્વામીનાં ફુલડાં ગાથા ૮ પા૦ ૬૯ " સખિરે મેં કોતક દિઠુ "
૧ હરીઆળી ગાથા ૯ પા૦ ૩૯–૪૦ " ચેતન ચેતો ચતુર ચબોલા "
૧ નેમીનાથ રાજીમતી ૧૨ માસ ગાથા ૧૮ પા૦ ૫૦–૫૧ "સખિ તોરણ આઈ કંત ગયા નિજ મંદીરે "
૧ હીત શિક્ષા છત્રીસી ગાથા ૩૬ પા૦ ૫૧–૫૨–૫૩ "સાંભળજો સજ્જન નર નારી "
૧ સિદ્ધચક્ર ગુંહળી ગાથા ૧૨ પા૦ ૯ " આવો સખિ સંજમિયા ગાવા "
૨ ભગવતીસૂત્રની ગુંહળી ગાથા ૭ પા૦ ૧૬ "વીરજી આચારે ગુણશિલ ચૈત્ય મોઝાર "
૩ ૨૮ લબ્ધીની ગુંહળી ગાથા ૯ પા૦ ૧૮–૧૯ "ગણધર શ્રી ગૌતમ પ્રભુરે "
૪ પર્યુસણની ગુંહળી ગાથા ૯ પા૦ ૨૦ જીરે "લલિત વચનની ચાતુરી "

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

૫ ગુંહુળી–મુનિની, ગાથા ૯ પા૦ ૨૬–૨૭ "મુનિવર મારગમાં વસિયા "

૬ ગુંહળી ગુરૂની ગાથા ૫ પા૦ ૨૬–૨૭ "ચરણુ કરણુસ્યું શોભતા "

૭ ગુંહુળી સુકૃતની ગાથા ૬ પા. ૨૭ " સુકૃત તરૂનીરે વેલિ વધારવારે "

૮ ગુંહુળી સાધુજીની ગાથા ૬ પા૦ ૨૭ " જ્ઞાનદિવાકર શોભતા "

૯ ગુંહુળી દરદુરંકની ગાથા ૮ પા૦ ૪૭ "રાજગૃહી વન ખંડ વિચાલ "

૧૦ ગુંહુળી મુનિની ગાથા ૭ પા૦ ૪૭–૪૮

૧૧ અષ્ટાંગ યોગ ગુંહુળી ગાથા ૭ પા. ૫૩ અથવા જયંતિ પ્રશ્નની ગુંહુળી "મુદિતા મુની મંડલિએ વસ્યા "

૧૨ ગુંહુળી અંબડ તાપસની ગાથા ૬ પા૦ ૫૪–૫૫ " અરિહા આયારે ચંપા વનકે મેદાન "

૧૩ પજુસણુની ગુંહુળી ગાથા ૫ પા૦ ૫૫ " સખિ પર્વ પજુસણુ આવિયા "

૧૪ ગુંહુળી ગાથા ૬ પા. ૬૦–૬૧ " ચતુરા ચતુરી ચાલસ્યુરે ચલી ચોખે ચીરે "

૧૫ જયંતી પ્રશ્ન ગુંહુળી ગાથા ૯ પા૦ ૫૭–૫૮ "ચિતહર ચોવીસમો જિનરાજ "

સમાપ્ત.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com